# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-04-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Saturday** **National News**

### આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

******************************************************

- લોકસભાની પહેલા તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બન્યો. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ દેશના વિવિધ ભાગમાં રેલીઓ, રોડ-શો વગેરે દ્વારા પ્રચાર કરી રહ્યા છે.
- આજે કારગીલ વિજય દિન નિમિત્તે દેશના વિવિધ ભાગમાં જવાનોના સન્માનમાં તેમજ શહીદોને અંજલિ આપવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું..
- રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ જલિયાવાલા બાગમાં માતૃભૂમિ માટે બલિદાન આપનારા તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી..
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ડો. ભીમરાવ આંબેડકરની જયંતિની પૂર્વ સંધ્યાએ લોકોને અભિનંદન પાઠવ્યા છે.
- નૌકાદળના વડા આર. હરિકુમાર આવતીકાલે ગોવામાં નૌકાદળના એક સમારંભમાં રાષ્ટ્રપતિ તરફથી શૌર્ય અને વિશિષ્ટ સેવા પુરસ્કાર એનાયત કરશે.

****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE.- ELECTION CAMPING

લોકસભાની પહેલા તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર જોરશોરથી ચાલુ છે. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ પોતપોતાના ઉમેદવારો માટે દેશના વિવિધ ભાગમાં રેલીઓ, રોડ-શો વગેરે દ્વારા પ્રચાર કરી રહ્યા છે.

પહેલા તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોમાં 102 લોકસભા બેઠકો માટે મતદાન થશે, તે ઉપરાંત સિક્કીમમાં વિધાનસભાની 32 બેઠકો અને અરૂણાચલ પ્રદેશની 60 વિધાનસભા બેઠકો માટે 19મી એપ્રિલે મતદાન થશે.

ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ જગતપ્રકાશ નડ્ડાએ નાગાલેન્ડના ચૂમૌકેદિમામાં આજે પીપલ્સ ડેમોક્રેટિક એલાયન્સના ઉમેદવાર ડો. ચુમ્બેન મુરૂના સમર્થનમાં એનડીએની એક રેલીને સંબોધન કર્યું. તેમણે કહ્યું કે, ઇશાન પ્રાંત સંપૂર્ણપણે પરિવર્તનના દોરમાંથી પસાર થઇ રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો દ્રષ્ટિકોણ માત્ર એક્ટ ઇસ્ટ સુધી જ સિમીત નથી પરંતુ સમગ્ર ઇશાન પ્રાંતને દક્ષિણ એશિયા અને પૂર્વ એશિયા માટેનું પ્રવેશદ્વાર બનાવવાનો છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને ગૃહમંત્રી અમિત શાહે કન્યાકુમારીમાં રોડ-શો કર્યો.. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંસદમાં સેન્ગોલની સ્થાપના કરી તે બતાવી આપે છે કે, તેઓ તમિળનાડુના લોકોને ખૂબ મહત્વ આપે છે અને તેમને માટે ચિંતિત છે.

**(બાઇટ- અમિત શાહ)**

ભાજપના અન્ય વરિષ્ઠ નેતા નિર્મળા સીતારમણએ તાંજાવુરમાં પોતાના પક્ષ વતી ચૂંટણીપ્રચાર કર્યો. જ્યારે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે મુરાદાબાદમાં ચૂંટણી પ્રચાર કરતાં કહ્યું કે, વિશ્વસ્તરની માળખાકીય સવલતો સાથે હવે ભારતને વૈશ્વિક નેતા તરીકે માન્યતા મળવા લાગી છે.

ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે પણ મધ્યપ્રદેશના પાંઢુર્ણામાં પત્રકાર પરિષદ યોજી હતી..

ઉત્તરાખંડના રામનગરમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ ભાવવધારા બદલ શાસક સરકારની ટીકા કરી જ્યારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રના ભંડારા- ગોંડિયામાં ચૂંટણી રેલીઓને સંબોધન કર્યું.

**(બાઇટ- રાહુલ ગાંધી)**

તેલંગાણામાં MIMIના વરિષ્ઠ નેતા અસદુદ્દીન ઓવૈસીએ હૈદરાબાદમાં ઘેર ઘેર જઇને ચૂંટણી પ્રચાર કર્યો...

## RJD MANIFESTO

બિહારમાં રાષ્ટ્રીય જનતા દળે લોકસભા ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. જેમાં પ્રતિવર્ષ એક કરોડ સરકારી નોકરી અને ગરીબ પરિવારોની મહિલાઓને પ્રતિ વર્ષ એક લાખ રૂપિયા આપવાનું વચન આપ્યું છે.

રાજદ નેતા તેજસ્વી પ્રસાદ યાદવ તેમજ પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાએ પટણામાં ‘પરિવર્તન પત્ર’ નામે ચૂંટણી ઢંઢેરો રજૂ કર્યો. તેમણે વચન આપ્યું છે કે જો તેમની ગઠબંધન સરકાર સત્તામાં આવશે તો

બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો અપાશે. આ ચૂંટણી ઢંઢેરામાં 24 લોક વચનોને પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવાઈ છે.

## MAYAWATI-HARIDWAR

બહુજન સમાજ પક્ષના પ્રમુખ માયાવતીએ આજે હરિદ્વારમાં એક જાહેરસભાને સંબોધન કર્યું.. તેમણે દલિતો, અનુસૂચિત જનજાતીય લોકોના હિતમાં તેમનો પક્ષ કામ કરશે, તેવી હૈયાધારણા આપી તેમજ પોતાના પક્ષના વિરોધપક્ષોની ટીકા કરી.

## PUNJAB--LS-ELECTION

પંજાબમાં શિરોમણી અકાલી દળે લોકસભાની 13 બેઠકોમાંથી સાત બેઠકો માટે પોતાના ઉમેદવારોની ઘોષણા કરી છે. પક્ષના પ્રવક્તાએ કહ્યું કે, બાકીની છ બેઠકો માટે પોતાના ઉમેદવારોની યાદી ટૂંક સમયમાં જ બહાર પાડવામાં આવશે.

## KARGIL-VIJAY-DIWAS

આજે કારગીલ વિજય દિન નિમિત્તે દેશના વિવિધ ભાગમાં જવાનોના સન્માનમાં તેમજ શહીદોને અંજલિ આપવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. લદ્દાખમાં કારગિલ વિજય દિનની રજતજયંતિ પ્રસંગે માહિતી ટેક્નોલોજી મંત્રાલયે તેમજ ભારતીય લશ્કરે એક વિશેષ રેડિયો સ્ટેશનનું સફળતાપૂર્વક સંચાલન કર્યું..

ગયા વર્ષે 11મી એપ્રિલથી આ સેવા શરૂ કરવામાં આવી હતી. આ પહેલનો ઉદ્દેશ્ય, કારગીલના લોકો અને ભારતીય લશ્કરના શૌર્યનું સન્માન કરવાનો છે.

કોલ સાઇન અલ્ફા ટેન્ગો 25 કિલો વેક્ટર ડેલ્ટા નામથી આ વિશેષ એમેચ્યોર રેડિયો સ્ટેશન સાથે વિશ્વના 50 દેશો સાથે સંપર્ક સાધવામાં આવ્યો છે,.

કારગિલ દિનની યાદમાં યોજવામાં આવેલા વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે લદ્દાખ યુનિવર્સીટીના કારગિલ પરિસરના વિદ્યાર્થીઓને એમેચ્યોર રેડિયો સ્ટેશનના સંચાલન અંગેના કામકાજ અને મહત્વ વિશે શિક્ષિત કરવા માટે એક જનજાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો...

# JALLIANWALA MASSACRE

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ જલિયાવાલા બાગમાં માતૃભૂમિ માટે બલિદાન આપનારા તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે..

એક સંદેશમાં, રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશવાસીઓ તે તમામ મહાન આત્માઓના હંમેશા ઋણી રહેશે જેમણે સ્વરાજ માટે પોતાનો જીવ આપ્યો.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જલિયાવાલા બાગ હત્યાકાંડના શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. એક સંદેશમાં, તેમણે દરેકને સ્વતંત્રતા અને ન્યાયના મૂલ્યો માટે પોતાને પ્રતિબદ્ધ કરવા આહ્વાન કર્યું કે જેણે સ્વતંત્રતાની લડત માટે ઇમારતની રચના કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરમાં તેમના પરિવારના સભ્યો વતી જલિયાવાલા બાગ હત્યાકાંડના તમામ બહાદુર શહીદોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી હતી.

એક સંદેશમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત  શાહે જલિયાવાલા બાગ હત્યાકાંડને બ્રીટીશ શાસનનું અમાનવીય અને ક્રૂરતાનું જીવંત પ્રતીક ગણાવ્યું..

ઉલ્લેખનીય છે કે, જલિયાવાલા બાગ હત્યાકાંડ 13મી એપ્રિલ 1919ના બૈસાખીના દિવસે થયો હતો. બ્રિટિશ જનરલ ડાયર હેઠળના બ્રિટિશ સૈનિકોએ અમૃતસરમાં જલિયાવાલા બાગ તરીકે ઓળખાતી ખુલ્લી જગ્યામાં નિઃશસ્ત્ર ભારતીયોની મોટી ભીડ પર ગોળીબાર કર્યો હતો, જેમાં કેટલાય લોકો માર્યા ગયા હતા અને સેંકડો વધુ ઘાયલ થયા હતા.

## PUNJAB-JALLIANWALA-BAGH

પંજાબના અમૃતસરમાં ઐતિહાસિક જલિયાવાલા બાગ ખાતે આજે શ્રધ્ધાજંલિ સભાનું આયોજન કરવામાં હતું. તેમાં દેશભરના સમાજના વિવિધ વર્ગના અગ્રણીઓએ જલિયાવાલા બાગ હત્યાકાંડના શહીદોને શ્રધ્ધાજંલિ આપી. શહીદોના માનમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું..

## PREZ-AMBEDKAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ડો. ભીમરાવ આંબેડકરની જયંતિની પૂર્વ સંધ્યાએ લોકોને અભિનંદન પાઠવ્યા છે. તેમણે લોકોને ડો. આંબેડકરના આદર્શોને અપનાવીને દેશના સર્વાંગી વિકાસમાં સાથે મળીને કામ કરવાનો અનુરોધ કર્યો છે.

દરમિયાન, ભારતરત્ન ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની 113મી જયંતિ પ્રસંગે બૃહદ મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશને આવતીકાલે મુંબઇમાં ચૈત્યભૂમિ ખાતે શ્રધ્ધાજંલિ આપવા જનારા અનુયાયીઓ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. ચૈત્યભૂમિ ખાતે ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના સ્મારક, રાયગઢ ખાતેના તેમના નિવાસસ્થાન તેમજ આજુબાજુના સ્થળોને શણગારવામાં આવ્યા છે.

ડો. બાબાસાહેબના જીવન અને કવન પર આધારિત ફોટોગ્રાફ્સનું પ્રદર્શન પણ યોજવામાં આવી રહ્યું છે.

## INDIAN-NAVY-AWARDS

નૌકાદળના વડા આર. હરિકુમાર આવતીકાલે ગોવામાં નૌકાદળના એક સમારંભમાં રાષ્ટ્રપતિ તરફથી શૌર્ય અને વિશિષ્ટ સેવા પુરસ્કાર એનાયત કરશે. નૌકાદળના આઇએનએસ હંસા પર યોજવામાં આવનારા આ સમારંભમાં ઉચ્ચ કોટીના નેતૃત્વ, વીરતા, વ્યાવસાયિક નિપૂણતા અને વિશિષ્ટ સેવા પ્રદાન કરનારા નૌકાદળના કર્મચારીઓનું સન્માન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં નૌકાદળના સૈનિકોને નૌકાદળના પદક અને વિશિષ્ટ સેવા ચંદ્રક પ્રદાન કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન નૌકાદળના વડા, ઉડ્ડયન સલામતીને પ્રોત્સાહન આપવા બદલ કેપ્ટન રવિ ધીર સ્મારક સુવર્ણચંદ્રક તેમજ હથિયારોમાં સુધારા તેમજ ઇલેકટ્રીકલ એન્જીનિયરીંગ ક્ષેત્રમાં નોંધપાત્ર સંશોધન માટે લેફ્ટેનેન્ટ વી.કે. જૈન સ્મારક સુવર્ણચંદ્રક પણ એનાયત કરશે. એ દરમિયાન જુદા જુદા એકમોને પ્રશસ્તિપત્ર પણ આપવામાં આવશે.

## IRAN-ISRAEL-ESCALATIONS

ગયા અઠવાડિયે દમાસ્કસમાં ઇરાનના દૂતાવાસમાં વરિષ્ઠ અધિકારીની થયેલી હત્યા પછી ઇઝરાયેલ, ઇરાનની ધમકીઓને પગલે હુમલાનો વળતો જવાબ આપવા કમર કસી રહ્યું છે ત્યારે ભારત, ફ્રાન્સ, પોલેન્ડ અને રશિયા સહિત ઘણાં દેશોએ પોતાના દેશના નાગરિકોને ગાઝા

પટ્ટી તેમજ પશ્ચિમી કાંઠા વિસ્તારમાં ન જવાની પોતાના નાગરિકોને ચેતવણી આપી છે.

દરમિયાન, ઇઝરાયલની હાઉસ નેશનલ સિક્યોરીટી કાઉન્સિલના પ્રવક્તા જ્હોન કિરબીએ ઇરાનની ધમકી સાચી હોવાનું કહ્યું છે. ઇરાને દૂતાવાસ પર થયેલા હુમલાને પોતાની ધરતી પરના સીધા હુમલા તરીકે લેખીને ઇઝરાયેલ પર સીધો પ્રહાર કરે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી...

# IGFF

ઇન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટીવલ IGFF ની પાંચમી સિઝન આગામી 28 થી 30 જૂન દરમિયાન ઓસ્ટ્રેલિયાના સિડનીમાં યોજાશે.

આ વર્ષે IGFFની ગ્રાન્ડ ઓપનીંગ રેડ કાર્પેટ ઇવેન્ટનું સેલિબ્રેશન આઇકોનિક સિડની ઓપેરા હાઉસ ખાતે થશે. આ ફેસ્ટીવલ અગાઉ 2018માં ન્યૂજર્સીમાં, 2019માં લોસ એન્જલસમાં, 2022માં એટલાન્ટામાં અને 2023માં શિકાગોમાં યોજાયો હતો. ખૂબ જ લોકપ્રિય ફેસ્ટીવલમાં દર વર્ષે પાંચ હજારથી વધુ પ્રેક્ષકો હાજરી આપે છે.

આ વર્ષે ફેસ્ટીવલનું સૌથી મોટું આકર્ષણ જાણીતા અભિનેતા બોમન ઇરાની અને દેવન ભોજાણી વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ ફેસ્ટીવલના ડીરેક્ટર ઉમેશ શુક્લા, જ્યુરી મેમ્બર ગોપી દેસાઇ, જય વસાવડા, સ્ટોર્મ એશવુડ અને ફેસ્ટીવલના સ્થાપક કૌશલ આચાર્ય ઉપસ્થિત રહેશે.